ગાંધીનગર સમાચાર
Regd. No. GNR/65-G0





**અક્ષરધામ પુનઃ ખુલ્લું મુકાયું -** ગાંધીનગરમાં સ્વામિનારાયણ અક્ષરધામ રવિવારથી જનતા માટે પુનઃ ખુલ્લું મૂકવામાં આવ્યું છે. કોરોનાની વૈશ્વિક મહામારીને કારણે સાત મહીના સુધી અસ્થાયી રૂપથી બંધ રહ્યા બાદ દર્શનાર્થીઓ હવે અક્ષરધામ મંદિરમાં ફરીથી દર્શન કરી શકશે. આજ રોજ દશેરાના પવિત્ર દિવસે બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થાના વરિષ્ઠ સંત પૂ. ઈશ્વરચરણ સ્વામી અને પૂ. આનંદસ્વરૂપ સ્વામી તથા અન્ય સંતોએ વેદોક્ત વિધિપૂર્વક અક્ષરધામના દ્વાર દર્શનાર્થીઓ માટે ખુલ્લા મૂકેલા છે. દર્શન કરવા માટેનું હાલનું સમયપત્રકઃ સોમવાર સિવાય દરરોજ સાંજે ૫:૦૦ થી ૭:૩૦ કલાક દરમિયાન અક્ષરધામ પરિસરમાં પ્રવેશ મળી શકશે. અક્ષરધામ મંદિરના દર્શન બાદ દરરોજ સાંજે ૭:૧૫ કલાકે યોજાતા વોટર શોને પણ દર્શનાર્થીઓ નિહાળી શકશે. આ ઉપરાંત અક્ષરધામના ઉદ્યાનો અને પ્રેમવતી ઉપહાર ગૃહ પણ દર્શનાર્થીઓ માટે ખુલ્લા રહેશે. વળી મુલાકાતીઓ બુકસ્ટોલમાંથી પૂજા સામગ્રી અને રોગપ્રતિકારક આયુર્વેદિક ઔષધિઓ મેળવી શકશે. અભિષેક પૂજા વિધિ તેમજ તમામ પ્રદર્શન ખંડો હાલ પૂરતા બંધ રહેશે. દર્શનાર્થીઓએ અક્ષરધામની મુલાકાત દરમિયાન પોતાના અને જાહેર સ્વાસ્થ્યની જાળવણી માટે કોરોના મહામારી અંગેના સરકારશ્રીના તમામ નિયમો અને માર્ગદર્શિકાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. સમગ્ર પરિસરમાં તેઓએ માસ્ક સતત પહેરી રાખવાનું રહેશે તેમજ સોશિયલ ડીસ્ટન્સીંગનું પણ પાલન કરવાનું રહેશે. પરિસરમાં પ્રવેશ મેળવતા પહેલા થર્મલ સ્ક્રીનીંગ અને હેન્ડ સેનિટાઇઝેશન ફરજીયાત રહેશે. સામાન્ય કરતા વધુ તાપમાન ધરાવતા તેમજ કોવિદ-૧૯ના લક્ષણો ધરાવતામુલાકાતીઓને પરિસરમાં પ્રવેશ આપવામાં આવશે નહીં.

# ગુજરાતી ફિલ્મોના લોકપ્રિય કલાકાર મહેશ કનોડિયાનું નિધન

**ગાંધીનગર ખાતે નિધન થતાં સેક્ટર-૮ સ્થિત નિવાસસ્થાનેથી અંતિમયાત્રા નીકળી જેમાં ભાજપના અગ્રણીઓ અને સામાજીક નેતાઓ જોડાયા હતા : ૩૨ સિંગર્સની અવાજમાં ગીતો ગાઈ શકતા હતા : પાટણ લોકસભાના પૂર્વ સાંસદ અને ગુજરાતી ફિલ્મોના મ્યૂઝિક ડિરેક્ટર મહેશનું લાંબી માંદગી બાદ નિધન થયું**




ગાંધીનગર, તા.૨૫

ગુજરાતી ફિલ્મના સંગીતકાર અને ગુજરાતી ફિલ્મના સુપરસ્ટાર નરેશ કનોડિયાના મોટા ભાઈ મહેશ કનોડિયાનું આજે ગાંધીનગર ખાતે દુઃખદ નિધન થયું છે. નરેશ કનોડિયાના પુત્ર હિતુ કનોડિયાએ સોશિયલ મીડિયા પર આ અંગે માહિતી આપી છે. મહેશ કનોડિયા પાટણના પૂર્વ લોકસભા સાંસદ પણ હતા, લાંબી માંદગી બાદ તેમનું આજે ૮૩ વર્ષની વયે નિધન થયું છે. જણાવી દઈએ કે, નરેશ કનોડિયાને થોડા દિવસ પહેલા કોરોનાનો રિપોર્ટ પોઝિટિવ આવતા યુએન મહેતા હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતાં, જ્યાં તેઓ હજી પણ સારવાર હેઠળ છે. મહેશકુમાર કનોડિયા લોકસભાના સભ્ય હતા, તેઓ ગુજરાતના પાટણ મત વિસ્તારનું પ્રતિનિધિત્વ કરતા હતા અને ભારતીય જનતા પાર્ટીના સભ્ય હતા. ગુજરાતી સિનેમામાં તેમનું યોગદાન લગભગ ચાર દાયકા સુધી રહ્યું છે. તેઓ ગુજરાતી ફિલ્મોના લોકપ્રિય ગાયક અને સંગીતકાર હતા અને

● અનુસંધાન પાન-૭ પર

## સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિમાં ગાંધીનગરના પાંચ સર્જકો વિજયી



ગાંધીનગર, તા. ૨૫

ગુજરાત સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિના ૪૦ સભ્યોની ચૂંટણી માટે આજે અમદાવાદ ખાતે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. મધ્યસ્થ સમિતિમાં ગાંધીનગરના પાંચ સાહિત્યકારોનો વિજય થયો છે. આજે યોજાયેલ મતગણતરીમાં સૌથી વધુ મત જાણીતા કવિ માધવ રામાનુજને ૧૦૩૩ મત મળ્યા હતા. ગાંધીનગરના પ્રજ્ઞા પટેલને ૮૭૨ મત, રાઘવજી માધડને ૮૧૮, કનૈયાલાલ ભટ્ટને ૭૬૭ મત, ધ્વનિલ પારેખને ૭૬૧ મત અને સમીર ભટ્ટને ૭૦૦ મત મળતાં તેઓ વિજયી થયા હતા. ૧૩૦૯ મતદારોએ મતદાન કર્યુ હતુ જેમાંથી ૧૨૫૭ મતપત્રો માન્ય રહ્યા હતા જ્યારે ૫૨ મતપત્રો રદ જાહેર કરાયા હતા.

# શહેરમાં ગુલાબી ઠંડક વચ્ચે શિયાળાનુ આગમન : જનજીવનમાં તાજગી

**બપોરના સમયે હજુ ગરમીનો અહેસાસ : વહેલી સવારે અને સાંજે ગુલાબી ઠંડીનુ મોજુ**

ગાંધીનગર તા ૨૫

શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં ગરમીનુ પ્રમાણ વધતા નગરજનો ઉકળાટથી બેચેન હતા પરંતુ છેલ્લા ત્રણ ચાર દિવસથી મોસમનો મિજાજ બદલાતા વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. જેના લીધે વહેલી સવારે અને સાંજે ઠંડકનુ મોજુ ફરી વળે છે. રાત્રિના સમયે પણ નાગરિકો ગરમ કપડામાં લપેટાયેલા જોવા મળી રહ્યા છે. મોસમના બદલાતા મિજાજ સાથે શિયાળાનુ આગમન થતા જનજીવન હજુ બેવડી ઋતુથી પ્રભાવિત છે.

શહેરમાં કોરોનાના કહેર વચ્ચે મોસમનો મિજાજ બદલાઇ રહ્યો છે. નવરાત્રી પુર્વે અચાનક જ વાતાવરણમાં ઠંડક પ્રસરી હતી જયારે ગુલાબી ઠંડીનુ મોજુ ફરી વળ્યુ હતુ. જેના લીધે હવે શિયાળાનુ આગમન થઇ ગયુ હોવાનો અહેસાસ પણ નગરજનોએ કર્યો હતો. જો કે નવરાત દરમિયાન વાતાવરણમાં સતત ઉકળાટ અનુભવતા નગરજનો બફારાથી ત્રાહીમામ થઈ ગયા હતા. પરંતુ છેલ્લા બે ત્રણ દિવસથી વાતાવરણમાં પલ્ટો જોવા મળે છે. વહેલી સવારે ગુલાબી ઠંડીનુ મોજુ ફરી વળતા નગરજનો શિયાળાની શરૂઆત થઈ ગઈ હોવાનો અહેસાસ કરી રહ્યા છે. વહેલી સવારે અને મોડી સાંજે વાતાવરણમાં ઠંડક પ્રસરે છે. જયારે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન હજુ ૩૫ ડીગ્રી આસપાસ રહેતા નગરજનો ગરમી અનુભવી રહ્યા છે. પરંતુ વાતાવરણમાં ઉકળાટનુ પ્રમાણ ઘટતા રાહત અનુભવે છે. સાંજ ઢળતા જ વાતાવરણમાં ઠંડક પ્રવર્તે છે. ટુ વ્હીલર પર ઠંડક અનુભવતા નગરજનો હવે રાત્રિના સમયે ગરમ કપડા પહેરવાનુ શરૂ કરી દીધુ છે. જયારે વહેલી સવારે પણ ઠંડીની મોસમ નિખરતી હોવાનો અનુભવ નગરજનો કરી રહ્યા છે. આજે દિવસ દરમિયાન મહત્તમ તાપમાન ૩૬ ડીગ્રી નોંધાયુ હતુ. જયારે લઘુત્તમ તાપમાન ૨૦ ડીગ્રી રહ્યુ હતુ. વાતાવરણમાં ભેજનુ પ્રમાણ સવારે ૬૯ અને સાંજે ૫૯ ટકા રહ્યુ હતુ. એકબાજુ શહેરમાં ધીમી ગતિએ શિયાળાની મોસમ ચાલી રહી છે. ત્યારે દિવસો તાપ હજુ પણ આકરો લાગે છે. જો કે હાલ હળવી ઠંડી સાથે નગરજનો ડબલ સિઝનનો પણ અહેસાસ કરી રહ્યો છે. દિવસે હળવી ગરમી અને રાત્રિના ગુલાબી ઠંડકના લીધે જનઆરોગ્ય પર વિપરિત અસર થઈ રહી છે. કોરોનાના કહેર વચ્ચે વાઇરલ ફીવરના કેસ પણ વધી રહ્યા છે. બદલાતા મોસમના મિજાજ સાથે નગરજનો ગુલાબી ઠંડી માંણી રહ્યા છે.

## ગુજરાતમા જાન્યુઆરી-ફેબ્રુઆરી સુધી વેક્સિન આવશે : મુખ્યમંત્રી રૂપાણી




વડોદરા,તા.૨૫

કોરોના વેક્સિન મુદ્દે મુખ્યમંત્રી રૂપાણીનું મોટું નિવેદન સામે આવ્યું છે. ગુજરાતમા જાન્યુઆરી-ફેબ્રુઆરી સુધી વેક્સિન આવશે. હાલમાં નિયમોનું પાલન કરવું એકમાત્ર વિકલ્પ છે. વડોદરામાં સરદાર ધામ કાર્યક્રમમાં નિવેદન આપ્યું છે. સીએમ રૂપાણીએ વડોદરા સરદાર ધામનું ખાતમુહૂર્ત કર્યું છે. અમદાવાદ બાદ વડોદરામાં પણ સરદાર ધામ બનશે. ૧૦૦ કરોડનાં ખર્ચે સરદારધામ નિર્માણ પામશે. વડોદરામાં પાટીદાર સમાજનું વિશાળ સંકુલ બનશે. વડોદરા નજીક અણખોલ ગામે વિશાળ સંકુલ બનશે. ૫ લાખ ચોરસ મીટર જગ્યામાં ભવ્ય સરદારધામ બનશે.

## જિલ્લામાં આજથી ટેકાના ભાવે મગફળીની ખરીદી પ્રક્રિયા આરંભાશે

**ટેકાના ભાવે ખરીદી માટે ત્રણ કેન્દ્રો નિયત કરાયા : ૫૫૦૦ થી વધુ ખેડૂતોએ ટેકાના ભાવે વેચાણ માટે રજીસ્ટ્રેશન કરાવ્યુ**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લામાં આજથી મગફળીની ટેકાના ભાવે ખરીદી શરૂ થશે. જિલ્લામાં આ માટે ત્રણ ખરીદ કેન્દ્રો નિયત કરવામાં આવ્યા છે.

ગાંધીનગરમાં પેથાપુર નજીક આવેલ નાગરિક પુરવઠા નિગમના ગોડાઉન પર, દહેગામ અને માણસા માર્કેટ યાર્ડમાં ટેકાના ભાવે આ ખરીદી શરૂ કરાશે. આજે ટેકાના ભાવે ખરીદી માટે તંત્ર દ્વારા ખેડૂતોને એસ.એમ.એસ. દ્વારા જાણ કરવામાં આવી છે.

ગાંધીનગર જિલ્લામાં મગફળીના પાકનું વિક્રમી વાવેતર થયુ હતુ. ૧૩ હજાર હેક્ટરમાં વાવેતર કરાયુ હતુ. ટેકાના ભાવે વેચાણ માટે ૫૫૦૦ થી વધુ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યુ છે.

જો કે જિલ્લાના ખુલ્લા બજારોમાં મગફળીની આવક નવરાત્રી પર્વના આરંભથી શરૂ થઈ ગઈ છે. માણસા અને દહેગામમાં સારી આવક થવા પામી છે તેમજ સરેરાશ ભાવ પણ રૂ. ૧ હજાર જેટલો ખેડૂતોને મળી રહ્યો છે.

જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી કરવા માટે તંત્રએ પણ તેની તૈયારીઓ પુરી કરી લીધી છે. આ માટે કર્મચારીઓના જરૂરી કામગીરીની જવાબદારી માટેના હુકમો પણ જારી કરી દેવામાં આવ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા આમ તો ૨૩ મીથી મગફળીની ખરીદી શરૂ કરનાર હતી પરંતુ વરસાદની આગાહીના પગલે તે એક સપ્તાહ મોડી શરૂ થઈ રહી છે. મળતી વિગતો પ્રમાણે જિલ્લામાં જે રીતે રજીસ્ટ્રેશન થયુ છે તે જોતાં અંદાજે એક મહિના સુધી ખરીદીની પ્રક્રિયા ચાલશે તેવા અંદાજો હાલ છે.

## ગાંધીનગર વાણિજ્ય કોલેજના પાંચ વિદ્યાર્થી આઈસીઆઈસીઆઈ બેંકમાં પસંદગી પામ્યા

**એનઆઈઆઈટી અને વાણિજ્ય કોલેજના સંયુક્ત ઉપક્રમે યોજાયેલ પ્લેસમેન્ટ ફેરમાંથી પસંદગી પામ્યા**



ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર ખાતે યોજાયેલ પ્લેસમેન્ટ ફેરમાં ગાંધીનગર વાણિજ્ય કોલેજના પાંચ વિદ્યાર્થીઓ સારા પે પેકેજ સાથે આઈસીઆઈસીઆઈ બેંકમાં સિનીયર ઓફિસર્સ તરીકે પસંદગી પામ્યા છે.

ગાંધીનગર કોલેજ તેમજ એનઆઈઆઈટીના સંયુક્ત ઉપક્રમે આ પ્લેસમેન્ટ ફેરનું આયોજન કરવામાં આવ્યુ હતુ.

જે વિદ્યાર્થીઓની સિનીયર ઓફિસર તરીકે આ ફેરમાં પસંદગી થઈ છે તેમાં ઉત્સવ દરજી, કૌમિલ પરીખ, નિલેશ પરમાર, જાગૃતિ પ્રજાપતિ અને પૂર્વી દવેનો સમાવેશ થાય છે.

ગાંધીનગર વાણિજ્ય કોલેજના આ પાંચ વિદ્યાર્થીઓની પસંદગી થતાં શિક્ષણજગતમાં ખુશીની લ્હેર પ્રસરી જવા પામી હતી. પસંદગી પામેલ આ વિદ્યાર્થીઓને કોલેજના આચાર્ય ડૉ. અમીતભાઈ સુતરિયા તેમજ એનઆઈઆઈટીના ડાયરેક્ટરના હસ્તે એપોઈનમેન્ટ લેટર તેમજ ઉમદા કારકર્દી માટે શુભેચ્છાઓ આપવામાં આવી હતી. ગાંધીનગરના પાંચ યુવાનોની બેંકિંગ ક્ષેત્રે થયેલ પસંદગીને લઈ યુવાનોમાં પણ ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.

આજે દિનપ્રતિદિન બેંકિંગ સેવાઓનો જે વ્યાપ વધી રહ્યો છે અને તેમાં પણ ગાંધીનગરના યુવાઓની પસંદગીને કોલેજના આચાર્ય ડૉ. સુતરિયાએ બિરદાવી હતી. તેમણે જણાવ્યુ કે આગામી દિવસોમાં ગાંધીનગરની વાણિજ્ય કોલેજ નવા કીર્તિમાન શિખરો સર કરવા માટે તેમની ટીમ ગાંધીનગર તત્પર છે. વિદ્યાર્થીઓને સ્પર્ધામાં ટકી શકાય અને અગ્રેસર બની નીખરી આવે તે માટે જરૂર પડ્યે ખાસ કોચીંગ પણ આપવામાં આવશે.

# શહેરમાં વધુ ૧૬ કેસ : ૧૮ને ડિસ્ચાર્જ

**આજે સે. ૨ માંથી ૩, સે. ૨૧ માંથી ૨ અને જીઈબીમાંથી ૩ કેસ મળવા ઉપરાંત સે. ૨૩, ૨૨, ૨૭, ૩૦, ૨૪, ૨૬, ૨૦ અને સે. ૪ માંથી પણ કેસો મળી આવ્યા**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનર શહેરમાં આજે કોરોનાના વધુ ૧૬ કેસ નોંધાયા છે. શહેરમાં આ સાથે કોરોનાના દર્દીઓની સંખ્યા વધીને ૧૭૬૬ પર પહોંચી છે.

શહેરમાં જે ગતિએ કેસો વધી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. જોકે રિકવરી રેટ સારો હોવાથી તંત્રને થોડીક રાહત છે. પરંતુ દર્દીઓ હવે હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કરી રહ્યા હોવાથી તંત્રની કામગીરીનું ભારણ વધી જવા પામ્યુ છે.

આજે સે. ૨ માંથી ૩, સે. ૨૧ માંથી ૨ અને જીઈબીમાંથી ૩ કેસ મળવા ઉપરાંત સે. ૨૩, ૨૨, ૨૭, ૩૦, ૨૪, ૨૬, ૨૦ અને સે. ૪ માંથી પણ કેસો મળી આવ્યા છે.

સેક્ટર-૨૩ માંથી આજે ૬૧ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને ગાંધીનગર સિવિલમાં દાખલ કરાયા છે.

સે. ૨ માંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. સે. ૨ માંથી ૫૮ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ અવતાં તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત એક દંપત્તિ પણ કોરોનાની ઝપટે ચડ્યુ છે. જે બન્નેને સારવાર માટે સાબરમતીની ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૨માં રહેતા અને ભુજથી શિક્ષક તરીકે નિવૃત્ત થયેલા ૭૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે ગાંધીનગર સિવિલમાં દાખલ કરવામાં આવેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

## ગ્રામીણ વિસ્તારમાં ૧૫ નવા કેસ

**ગાંધીનગરમાં ૮, કલોલમાં ૫ અને માણસામાં બે કેસ**

ગાંધીનગર, તા. ૨૫

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાંથી આજે ૧૫ કેસ કોરોના પોઝીટીવના મળી આવ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી રહી છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે.

ગાંધીનગર જિલ્લાના કલોલમાં કોરોનાનું પુનઃ આક્રમણ થયુ હોય તે રીતે આજે પાંચ કેસ મળી આવ્યા છે. કલોલમાં પુનઃ કેસો વધવાનો આરંભ થયો છે. માણસામાં પણ જે ગતિએ કેસો વધી રહ્યા છે તેથી તંત્ર ચિંતીત છે.

આજે નોંધાયેલા ૧૫ દર્દીઓમાંથી ૮ દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ પસંદ કર્યો છે. આજે પણ પાંચ મહિલાઓ સંક્રમિત દર્દીઓમાં હોવાથી તંત્રની ચિંતા વધી રહી છે. ગાંધીનગરમાંથી ૮, કલોલમાંથી ૫ અને માણસામાંથી બે દર્દી આજે મળી આવ્યા છે.

ગાંધીનગરના કોલવડાના ૬૮ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. રાંધેજાની ૫૮ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

કુડાસણ ગામેથી ૩૩ વર્ષીય પુરૂષ, રાયસણમાંથી ૫૭ વર્ષીય ગૃહીણી, સુઘડમાંથી ૨૫ વર્ષીય યુવાન અને ઝુંડાલમાંથી ૪૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આલમપુર મિલીટ્રી સ્ટેશનમાંથી ૪૦ વર્ષીય જવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સરગાસણણાંથી ૫૩ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

કલોલ તાલુકામાં આજે પાંચ કેસ નોંધાયા છે જેમાં ૪ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ અર્બન વિસ્તારમાંથી નોંધાયો છે.

બોરીસણા ગામેથી આજે ૩ કેસ મળી આવ્યા છે. ૨૪ વર્ષીય યુવા વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. વેપારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com